અપીલ અરજી નં.૩૧૨ તા.૩–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૪–૧૨–૧૦ ની અરજીથી (૧) વોર્ડ નં.૪એ ના આરોગ્ય વિભાગ પાસે વિસ્તારમાં ચાલતાં તમામ જરીગીલીટના એકમવાળા કારખાનાના માલિકોઓએ જવલનશીલ પદાર્થોનો પરવાનો બીપીએમસી એકટની કલમ–૩૭૬(૧) મુજબ રાખવા માટે મેળવેલો હતો આ તમામ જરીગીલીટ એકમોવાળા આ પરવાનાના ભંગ કરી જવલનશીલ પદાર્થોનો વપરાશ કરતા હોય તે તમામ જરીગીલીટના એકમોવાળા પર કાયદેસર કાર્યવાહી કરવા માટે કે વોર્ડ નં.૪ એના મુખ્ય આરોગ્ય નિરીક્ષકને તા.૨૭–૯–૧૦, તા.૧૪–૧૦–૧૦ ના રોજ વિગતવાર તમામ પુરાવા સાથે અરજી કરવામાં આવેલ તે બાબતે વોર્ડ નં.૪ એના મુખ્ય આરોગ્ય નિરીક્ષકે તમામ જરીગીલીટના એકમોની સ્થળ તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહીં અને કોઈ જ કાર્યવાહી ન કરી તો કયા કારણસર તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૨/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૪–૧૨–૧૦ ની અરજીથી (૧) વોર્ડ નં.૪એ ના આરોગ્ય વિભાગ પાસે વિસ્તારમાં ચાલતાં તમામ જરીગીલીટના એકમવાળા કારખાનાના માલિકોઓએ જવલનશીલ પદાર્થોનો પરવાનો બીપીએમસી એકટની કલમ–૩૭૬(૧) મુજબ રાખવા માટે મેળવેલો હતો આ તમામ જરીગીલીટ એકમોવાળા આ પરવાનાના ભંગ કરી જવલનશીલ પદાર્થોનો વપરાશ કરતા હોય તે તમામ જરીગીલીટના એકમોવાળા પર કાયદેસર કાર્યવાહી કરવા માટે કે વોર્ડ નં. ૪ એના મુખ્ય આરોગ્ય નિરીક્ષકને તા.૨૭–૯–૧૦, તા.૧૪–૧૦–૧૦ ના રોજ વિગતવાર તમામ પુરાવા સાથે અરજી કરવામાં આવેલ તે બાબતે વોર્ડ નં.૪ એના મુખ્ય આરોગ્ય નિરીક્ષકે તમામ જરીગીલીટના એકમોની સ્થળ તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહીં અને કોઈ જ કાર્યવાહી ન કરી તો કયા કારણસર તેની માહિતી આપવા બાબતે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૫૬ તા.૩૧–૧૨–૧૦ ના પત્રથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા જણાવવામાં આવેલ. વધુમાં બંને અરજીઓ અંગે કાર્યવાહી ન થયેલ હોય તો તેની હકીકત અત્રે જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૫ તા.૭–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૫૨૪ તા.૨૮–૧–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૫૬ તા.૩૧–૧૨–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા. ૪–૧૨–૧૦ ની અરજીથી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૧૩૫૬ તા.૩૧–૧૨–૧૦ થી જવાબ આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જયારે અરજી કરેલ હોય ત્યારે તમામ પુરાવાઓ સામેલ કરેલ તેમ છતાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું ખોટું જણાવી માહિતી આપેલ નથી તેમ જણાવી તા.૩–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે જેમાં અરજદારે કયા અધિકારીના ટાઈમથી રેકર્ડ ઉપર નથી તે જણાવશો અને શા માટે? અને અરજી સાથે પુરાવા સામેલ કરેલ હોય તેમ છતાં ધ્યાને લેવામાં આવેલ નથી અને જે પુરાવા મળેલ છે તે સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવે છે તેમ છતાં ખોટી વાત કરે છે તેવું જણાવી સાચી માહિતી આપવાની રજૂઆત કરેલ છે. (૧) વોર્ડ નં.૪એ ના આરોગ્ય વિભાગ પાસ ે વિસ્તારમાં ચાલતાં તમામ જરીગીલીટના એકમવાળા કારખાનાના માલિકોઓએ જવલનશીલ પદાર્થોનો પરવાનો બીપીએમસી એકટની કલમ–૩૭૬(૧) મુજબ રાખવા માટે મેળવેલો હતો આ તમામ જરીગીલીટ એકમોવાળા આ પરવાનાના ભંગ કરી જવલનશીલ પદાર્થોનો વપરાશ કરતા હોય તે તમામ જરીગીલીટના એકમોવાળા પર કાયદેસર કાર્યવાહી કરવા માટે કે વોર્ડ નં.૪ એના મુખ્ય આરોગ્ય નિરીક્ષકને તા.૨૭–૯–૧૦, તા.૧૪–૧૦–૧૦ ના રોજ વિગતવાર તમામ પુરાવા સાથે અરજી કરવામાં આવેલ તે બાબતે વોર્ડ નં.૪ એના મુખ્ય આરોગ્ય નિરીક્ષકે તમામ જરીગીલીટના એકમોની સ્થળ તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહીં અને કોઈ જ કાર્યવાહી ન કરી તો કયા કારણસર તેની માહિતી

આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.આરટીઆઈ એકટની હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે. ઉપલબ્ધ રેકર્ડને ચકાસણીમાં રેકર્ડ ઉપર માહિતી નથી તેવું જણાવેલ છે. અરજદારે અત્રે તા.૨૭–૯–૧૦ અને તા.૧૪–૧૦–૧૦ ના રોજ અરજી બાબતે કાયદેસરની કાર્યવાહીની વિગતો માંગેલ છે અને તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવી તેની વિગતો બાબતે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી રજૂ થયેલ નોંધ વિભાગમાં હાલ તુરંત આરોગ્ય વિભાગ કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેવું જણાવેલ છે. (૨) તા.૨૭–૯–૧૦ થી તા.૧૪–૧૦–૧૦ ના રોજ તમામ પુરાવા સાથે વોર્ડ નં.૪/એ ના મુખ્ય આરોગ્ય નિરીક્ષક ને જે અરજી કરવામાં આવેલ તે અરજીના અનુસંધાનમાં વોર્ડ નં.૪/એ ના મુખ્ય આરોગ્ય નિરીક્ષકે તમામ જરીગીલીટના ચાલતા એકમોવાળાને ત્યાં સ્થળ પર શું શું તપાસ કરી રીપોર્ટ બનાવ્યો તે તમામ રીપોર્ટની સહી સિકકાવાળી નકલો ફાળવવી માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે. ઉપલબ્ધ રેકર્ડની ચકાસણીમાં રેકર્ડ ઉપર માહિતી નથી. તેવું જણાવેલ છે. અરજદારે અત્રે તા.૨૭–૯–૧૦ અને તા.૧૪–૧૦–૧૦ ના રોજ અરજી બાબતે કાયદેસરની કાર્યવાહીની વિગતો માંગેલ છે અને તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવી તેની વિગતો બાબતે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી નોંધ વિભાગમાં હાલ તુરંત આરોગ્ય વિભાગ કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેવું જણાવેલ છે. પરંતુ અરજદારને તે અંગે માહિતી આપેલ નથી તે જ રીતે તા.૧૪–૧૦–૧૦ ની અરજી અંગે કરેલ કાર્યવાહીની વિગત પણ જણાવેલ નથી.

અરજદારની મુખ્ય માહિતીની માંગણી તેમની બે અરજીઓ અંગે શું કાર્યવાહી થઈ તેની માહિતી મેળવવાની છે. નોંધ વિભાગ જોતાં તા.૨૯–૯–૧૦ ની અરજી જાહેર માહિતી અધિકારી કક્ષાએ હોવાનું જણાય પણ છે સાથે સાથે અરજદારે " જથ્થો ગોડાઉન સુરક્ષિત રાખવામાં આવે છે કે વપરાશ કરવામાં આવે છે તે મુદ્દા પણ ઉપસ્થિત કરેલ છે. બીપીએમસી એકટની કલમ–૩૭૬ હેઠળ રાખવામાં આવે છે. તે પણ અરજદારે જણાવેલ છે. કલમ–૩૭૬ ની જોગવાઈ ધ્યાને લેતાં પરવાનો આપેલ જથ્થા સિવાય વધુ માત્રામાં જથ્થો રાખી નહીં શકાય અને ૩૭૬(૧) (એ) (૨) માં ઘરગથ્થુ વપરાશ સિવાય કોઈ પણ હેતુ માટે અથવા વેચાણ માટેનો પણ ઉલ્લેખ છે. સાથે ૩૭૬(૭) માં જે પરવાનો આપેલ છે તે જે ઉપયોગ માટે આપેલો છે. તેની તપાસણી કરવા સત્તા કમિશનરશ્રીને આપવામાં આવેલ છે જેનાથી આપેલા પરવાના જથ્થા સંગ્રહ અને ઉપયોગ બંને હેતુનો સમાવેશ થતો હોવાનું અનુમાનિત છે. જે ધ્યાને લેતાં પરવાનો હેઠળ જથ્થો પરવાનાધારક સંગ્રહ અને ઉપયોગ બંને નિયત માત્રામાં પરવાના શરતોને આધીન કરી શકે તેવું થાય. ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારની સુરક્ષિત રાખવામાં આવે છે કે વપરાશ કરવામાં આવે છે તેવી માહિતીની માંગણી કાયદાકીય જોગવાઈ સાથે સુસંગત નથી અને તે અંગે અરજદારની અપીલ અંગે તકરાર તર્કબધ્ધ કે બુધ્ધિગમ્ય જણાતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ ન હોઈ અરજદારની બંને તારીખોની અરજીઓ અંગે જે પણ કાર્યવાહી થયેલ હોય કે નિર્ણય લેવાયેલ હોય તેની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,